ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૨ ટકા

# શહેરમાં મોડી રાત સુધી નાસ્તાના સ્ટોલ પર જામતી ભીડ

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં નવલી નવરાતની મૌસમ પુરબહારમાં ખીલી છે. યુવાધન ગરબા ગ્રાઉન્ડમાં ગરબે ઘુમીને માતાજીની આરાધના કરી રહ્યા છે.શહેરમાં શેરી ગરબા તેમજ ખાનગી આયોજકો દ્વારા થતા ગરબામાં માનવ મહેરામણ છલકાય છે.ત્યારે ગરબાની રંગત માણ્યા બાદ કુદકા મારીને લોથપોથ થયેલા ખૈલેયાઓ નાસ્તાની પણ સંગત કરતા નજરે પડે છે. જેને પગલે શહેરમાં દરેક નવરાત્રીમાં ખાસ ફુડ સ્ટોલનું આયોજન કરાય છે. જેમાં ફાફડા-જલેબી, ખીચું, મેથીના ગોટા, કચોરી,સમોસા, સહિત ગરમાગરમ નાસ્તો આરોગતા નજરે પડે છે. શહેરમાં દરરોજ નવરાત્રીમાં અંદાજીત રૂ.૫ લાખના ફાફડા જલેબી આરોગી જાય છે. શહેરમાં ગરબા ૧૨ના ટકોરે બંધ થઈ જાય છે. ત્યારબાદ નાસ્તાના સ્ટોલ પર ખૈલેયાઓની ભીડ જામે છે. અવનવા



ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓ ચટપટી વાનગીઓનો ટેસ્ટ માણે છે. નવરાત્રીમાં ગરબા નિયત સમયે બંધ થઈ ગયા બાદ પણ શહેરમાં અનોખો માહોલ સર્જાય છે. શહેરના માર્ગો પર મોડી રાત સુધી ધમધમાટ જોવા મળી રહ્યો છે. જ્યારે દરેક નવરાત્રીના સ્થળ પર ખાસ નાસ્તાના ફુડ સ્ટોલ શરુ કરવામાં આવ્યા છે. જેમાં વિવિધ નાસ્તા ગરમાગરમ મળતા હોય છે. જ્યારે કેટલીક સોસાયટીના રહીશો દ્વારા પણ ગરબા બાદ નાસ્તાનું આયોજન રાખવામાં આવે છે. ત્યારે શહેરના સર્કલો પર પણ ખાસ નાસ્તાની હાટડીઓ મંડાઈ ગઈ છે. જેમાં મોડીરાત સુધી નગરજનો નાસ્તો કરતા નજરે પડતા હોય છે.

## @ગાંધીનગર

### છઠ્ઠુ નોરતું

● સે-૨૨ ગબ્બર ચોક ખાતે રાત્રે ૯.૦૦ કલાકે આર્શીવાદ ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૩-સી શિવ શકિતચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે રામુભાઈ શિકારી ગ્રુપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૩-ન્યુ નવરાત્રી ચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શીતલ પટેલ ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કનુ માધવ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા ગરબાની રંગત જામશે.

● વારાહી પ્રગતિ મંડળ દ્વારા વારાહી ચોક સરઢવ ખાતે રાત્રે ૮ કલાકે તપનકુમાર એન્ડ પાર્ટી દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે પૃથ્વીસિંહ વાઘેલા ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૧૭ શોપીંગ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે દિવ્યા ખત્રી દ્વારા ગરબાની રમઝટ જામશે.

●●●●●

● પૂર્બાષા કલ્ચરલ એસોસીએશન દ્વારા દૂર્ગા પૂજા ઉત્સવ સાંજે ૮.૦૦ કલાકે મહાનગરપાલિકા હોલ સે-૧૬ ખાતે ઉજવણી કરાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાકે અનિલભાઈ સી. પ્રજાપતિ પ્લોટ નં. ૩૭૮/૨ સે-૩-બી ખાતે યોજાશે.

## નવરાત્રીમાં જ ઘ-૬થી ગ-૬ વચ્ચેનો માર્ગ અંધારામાં



રોશનીથી ઝળહળતા મા જગદંબાના પર્વ નવરાત્રીમાં જ ઘ-૬ થી ગ-૬ વચ્ચેના માર્ગમાં સ્ટ્રીટલાઈટો બંધ થઈ જવાથી છેલ્લા ચાર દિવસથી અંધારામાં ગરકાવ થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે ગ-૬ સર્કલે કામ ચાલતું હોવાથી આ માર્ગને વન-વે જાહેર કરી દેતા એક જ માર્ગ ઉપર આવન જાવન ચાલુ છે. નવરાત્રી જેવા અતિ મહત્વના તહેવારે નગરજનોની રાત્રી દરમિયાન જ વધારે આવન જાવન હોવા છતાં બેફિકર તંત્ર હજુ સુધી આ સ્ટ્રીટલાઈટો ચાલુ કરી શકયું નથી. અસામાજીક તત્ત્વો તેમજ રોમીયોગીરી કરતા તત્ત્વોને અંધારામાં મોકળુ મેદાન મળી ગયું છે જેથી મહિલાઓ અને કિશોરીઓમાં દહેશત ફેલાઈ છે. સ્ટ્રીટલાઈટ અંગેની ફરિયાદોમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે છતાં તંત્ર આ અંગે ચોકકસ નિતી નિયમો ઘડી શકતું નથી જે કારણે નગરજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. નજીકના સમયમાં ચુંટણીઓ આવી રહી છે છતાં સત્તાપક્ષ ગંભીરતાથી આ બાબતને લઈ રહી નથી ત્યારે તેના પડઘા સંભળાશે તેવું હાલ તો ચર્ચાઈ રહ્યું છે.

# કે.બી. ફાર્મસી કોલેજમાં ફાર્માસિસ્ટ માટે રિફ્રેશર કોર્સ યોજાયો

## રાજયભરમાંથી ૧૬૦ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટે ભાગ લીધો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની કે.બી. ફાર્મસી કોલેજ ખાતે બે દિવસીય ફાર્માસિસ્ટ રિફ્રેશર કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરમાંથી ફાર્માસિસ્ટોએ ભાગ લીધો હતો. આ કોર્સને ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત ટેકનોલોજિકલ યુનિ.ના કુલપતિ એન.આર. શેઠ તથા ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ મોન્ટુકુમાર પટેલે ઉપસ્થિત રહી ફાર્માસિસ્ટોને માર્ગદર્શિત કર્યા હતા.

સેકટર-૨૩ સ્થિત કડી સર્વ



વિદ્યાલય કેમ્પસમાં તા. ૨૩ ને ૨૪ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત આ રિફ્રેશર કોર્સમાં પ્રથમ દિવસે ગાંધીનગરની મેડીકલ કોલેજના પ્રાધ્યાપકો ડૉ. દર્શન દવે, ડૉ. ગુંજન ઉપાધ્યાય અને ડૉ. શશીકુમાર મુદ્રાએ દવાની આડઅસર, ડાયાબીટીશ તથા ટીબીમાં દવાઓના ઉપયોગ અંગે ફાર્માસિસ્ટોને તાલિમ આપી હતી. રોજીંદા જીવનમાં ઉપયોગી એવા ફાર્મસીના વિષયે કોર્સના દ્વિતિય દિવસે તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. રિફ્રેશર કોર્સમાં ૧૬૦ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટે તાલીમ પ્રાપ્ત કરી હતી. સમાપન પ્રસંગે કેએસવી યુનિવર્સિટીના ડાયરેકટર ડી.ટી. કાપડિયા તથા કોલેજના પ્રિન્સિપાલ શ્રીકલ્પ દેશપાંડે ઉપસ્થિત રહ્યા હતા.

### ફાર્માસિસ્ટોનું હેલ્થ ચેકઅપ કરાયું

ફાર્માસિસ્ટ રિફ્રેશર કોર્સ દરમિયાન કે.બી. ફાર્મસી કોલેજના આઈસ્પોર સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા તમામ ફાર્માસિસ્ટ માટે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો હતો. જેનો ૬૦ જેટલા ફાર્માસિસ્ટે લાભ લીધો હતો. આ ફાર્માસિસ્ટોની આંખો, વજન, ઉંચાઈ, બીએમઆઈ, બ્લડપ્રેશર વગેરેની ચકાસણી કરી જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ તેવું આઈસ્પોરના મિડિયા હેડ શિવાની ત્રિવેદીએ જણાવ્યું હતું.

## ગાંધી જયંતિએ કલાગુર્જરી દ્વારા 'જે પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમ યોજાશે

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નામ પરથી ગુજરાતના પાટનગરનું નામ પડયું છે તેવા પૂજય ગાંધીજીની જન્મજયંતિ ગાંધીનગરમાં વિશિષ્ટ રીતે ઉજવાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી શહેરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા દર વર્ષે તા. ૨જી ઓકટોબરે ટાઉનહોલ સામેના મેદાનમાં 'જે પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમ યોજવામાં આવે છે . આ વર્ષે પણ તા. ૨જી ઓકટોબર સોમવારના રોજ સવારે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન ટાઉનહોલ સામેની જગ્યામાં 'જે પીડ પરાઈ જાણે રે..' કાર્યક્રમ યોજાશે જેમાં પૂ. ગાંધી બાપુને પ્રિય એવા આશ્રમ ભજનાવલીમાં સમાવિષ્ટ ભજનો અને ગીતો ગુજરાતના જાણીતા કલાકારો દ્વારા પ્રસ્તુત કરાશે. આ કાર્યક્રમને માણવા શહેરના નાગરિકોને સંસ્થા વતી પ્રમુખ એન.પી. પટેલે જાહેર અનુરોધ કર્યો છે.

## આજે ગાંધીનગર ખાતે ઔદ્યોગિક ભરતીમેળો- સ્વરોજગાર શિબિર

ગાંધીનગર, તા.૨૫

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે ઔદ્યોગિક ભરતીમેળો અને સ્વરોજગાર શિબિરનું આયોજન આઈ.ટી.આઈ હોસ્ટેલ બિલ્ડીંગ, આઈ.ટી.આઈ પાછળ, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ ઔદ્યોગિક ભરતી મેળામાં ૯ નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે. આ મેળામાં ધોરણ-૯, એસ.એસ.સી, ધોરણ-૧૨, આઇ.ટી.આઇ, બી.એ. બી.કોમ, એમ.બી.એ અને ગ્રેજયુએટ સુધી અભ્યાસ કરેલા ઉમેદવારો માટે વિવિધ જગ્યાઓએ ભરતી કરવામાં આવનાર છે. આ ભરતીમેળામાં ભાગ લેનાર ઉમેદવારોએ પોતાના બે નકલમાં બાયોડેટા, બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસ અને શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો તથા દરેકની ઝેરોક્ષ નકલ સહિત સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનું રોજગાર અધિકારી (જનરલ)એ જણાવ્યું છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં શરદપૂર્ણિમાએ આયોજિત રાસ ગરબામાં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના જેઠાલાલ ઉર્ફે દિલીપ જોષી અને 'ટપુડો' ઉર્ફે ભવ્ય ગાંધી પધારવાના છે. બંને પ્રસિધ્ધ કલાકારો શહેરના 'વિશિષ્ટ બાળકો' સાથે ગરબા રમે તેવી શકયતા છે.

● ગાંધીનગરના સે-૧૧માં સાંજના સમયે આંતરિક ચાર રસ્તા પર એક બાઈકસવાર લબરમુછીયા યુવાને પુરપાટ વેગે બાઈક હંકારી એક કાર સાથે ટકરાયો હતો. કાર શહેરના આધેડ વયના એક ગાયક કલાકારની હતી. જે કારનો દરવાજો માંડ ખોલીને બહાર આવ્યા હતા ત્યારે ભાગી રહેલા બાઈક ચાલકને ભીડે ઝડપી લેતા તેની પાસે લાઈસન્સ ન્હોતું તથા બાઈક પણ તેના મિત્રનું હોવાનું માલુમ પડયું હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**જય પટેલ**
**સર્વ નેતૃત્વ ગૃપ**

**ગાંધીનગર ગમે**

મન હરી લે તેવી સુંદરતા, હરિયાળી અને પારકાંને પોતાનાં કરી લેતાં લોકોનું આ નગર હોવાથી ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

સ્નેહાળ, સંસ્કૃત, સેવાભાવી અને કલાપ્રેમી નાગરિકો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરની કલા, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે. કેએસવી, ગ્રો ફાઉન્ડેશન, ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, જી ઈ કલબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન કાઉન્સિલ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી હું પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

યુવાવર્ગને સેવા અને વિકાસની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડવાની આવશ્યકતા મહેસૂસ થાય છે.

**નગર માટે હું કરી શકું**

કલા, શિક્ષણ, સેવાના ક્ષેત્ર માટે મારું સંપૂર્ણ યોગદાન આપવા માટે હું તૈયાર છું ને રહીશ.

## આજે ગાંધીનગર બેંક ઓફ બરોડાના બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના મકાનનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના રૂપાલ ગામ ખાતે ગોરખનાથ આશ્રમ પાસે બેંક ઓફ બરોડાના રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના ભવનનું નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭ને મંગળવારના રોજ સવારના ૧૦.૩૦ કલાકે લોકાર્પણ કરવામાં આવશે.

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન ગાંધીનગરના ડાયરેકટર શ્રી જી.જે. ચૌહાણે જણાવ્યું હતું કે, આ પ્રસંગે બેંક ઓફ બરોડાના કાર્યકારી નિર્દેશક શ્રી મયંક મહેતા, ગ્રામ વિકાસ કમિશનર અને સચિવ શ્રી મોના ખંધાર, જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, રાષ્ટ્રીય નિર્દશક શ્રી કે.એન.જનાર્ધન, અમદાવાદ ઝોનના જનરલ મેનેજર શ્રી જયેશ મહેતા તથા ગાંધીનગર રીજીયોનલ મેનેજર શ્રી રાજેશ મોહન સકસેના ઉપસ્થિત રહેશે.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા શરદપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર, તા.૨૫

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા શરદપૂર્ણિમા ઉત્સવનું આયોજન આગામી તા. ૮-૧૦-૧૭ને રવિવારના રોજ રાત્રે ૮ થી ૧૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ વાડી, સે-૭ મુકામે રાખવામાં આવેલ છે.

શરદોત્સવના પાસ કાઉન્સિલના ખજાનચી હરજીવનભાઈ પંચાલ (૨૩૨૨૨૬૮૮, મો.નં. ૯૮૨૪૬૧૩૬૩૦) પાસેથી વ્યકિત દીઠ રૂ. ૫૦ ભરીને તા. ૬-૧૦-૧૭ ને શુક્રવાર સુધીમાં મેળવી લવા સંસ્થાના મંત્રીએ અનુરોધ કર્યો છે.

## પ્રતિભા એકેડેમી દ્વારા છઠ્ઠી ઈન્ટરસ્કૂલ ચેસ ચેમ્પીયનશીપ યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની જાણીતી સંસ્થા દ્વારા તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ "પ્રતિભા એકેડેમી" દ્વારા રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના સહયોગથી ગાંધીનગર ખાતે છઠ્ઠી ઈન્ટરસ્કૂલ ચેસ ચેમ્પીયનશીપ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં રહેલી બૌદ્ધિક શક્તિને ઉજાગર કરતી ચેસ સ્પર્ધાનું સંસ્થા દ્વારા સતત છઠ્ઠી વખત ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની ૧૫થી વધુ શાળાઓના ૧૪૫ બાળકોએ ભાગ લીધો હતો. ૧૧ વિવિધ Age ગ્રુપમાં રમાયેલ આ સ્પર્ધામાં વિજેતા ૧ થી ૫ સ્પર્ધકોને કુલ ૫૫ મેડલ્સ તેમજ દરેક સ્પર્ધકને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ.

કાર્યક્રમના સમાપન સમારોહમાં ઉપસ્થિત હુડકો, ભારત સરકારના સ્વતંત્ર ડીરેક્ટર શ્રી એસ. કે. નંદા (નિવૃત્ત આઈ.એ.એસ.) ખાસ ઉપસ્થિત રહેલ. તેઓએ પોતાના વક્તવ્યમાં બાળકોને ચેસની રમત પસંદ કરવા બદલ અભિનંદન પાઠવતા જણાવેલ કે ચેસની રમતથી બૌદ્ધિકતાનો વિકાસ થાય છે. ચેસના માધ્યમથી એકાગ્રતા, નિર્ણય શક્તિ સહિત અનેક ગુણો ખીલતા હોવાથી સ્પર્ધકોના માતા-પિતાને પણ ચેસની રમતમાં બાળકોને આગળ વધારવા શીખ આપી હતી. શ્રી એસ. કે. નંદાએ પોતાના બાળપણથી માંડીને આજ દિન સુધીના કાર્યકાળ દરમ્યાનના વિવિધ પ્રસંગો થકી બાળકોને મોટીવેટ કરેલ.

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડૉ. એસોસીએશનના ટેકનીકલ ડાયરેક્ટર તેમજ જાણીતા વક્તા રોટે. શ્રી અરવિંદભાઈ રાણાએ પણ ચેસના માધ્યમથી બાળકોમાં યાદશક્તિ, શાળામાં પરિણામમાં વૃદ્ધિ સહિત અનેક ગુણો ખીલી ઉઠે છે તેની સમજ આપી હતી. ચેસની રમત રાજવી પરિવારની રમત છે તેમ જણાવીને વિજેતા બાળકોને અભિવાદીત કરેલ અને અન્ય બાળકોએ નિરાશ થયા વગર પ્રયત્નશીલ રહેવા જણાવેલ.




રોટરી કલબ ઓફ કેપિટલના પ્રમુખ રોટે. શ્રી બી. કે. ચાવડા (સીએ) દ્વારા પણ બાળકોને અભિનંદન પાઠવીને ચેસની રમતમાં આગળ વધવા જણાવીને પ્રસંગોચિત ઉદબોધન કરેલ.

કાર્યક્રમના આયોજક તેમજ પ્રતિભા એકેડેમીના સંસ્થાપક શ્રી ગૌરાંગભાઈ રાણાએ પણ બાળકોને અભિનંદન પાઠવેલ અને ગાંધીનગરના ચેસની રમતમાં ભાગ લેતા બાળકો માટે આગામી સમયમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવાની પણ ઈચ્છા વ્યકત કરેલ.

કાર્યક્રમમાં રોટરેક્ટર કલબ ઓફ કેપિટલના પ્રમુખ રોટે. શ્રી જય રાણા, મંત્રી રોટે. શ્રી મહર્ષિ દવે તેમજ કેપિટલ ક્રાંતિના તંત્રી રોટે. શ્રી પાર્થ ઠક્કર ખાસ ઉપસ્થિત રહેલ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી દિલીપભાઈ ઐયા, શ્રી પંકજભાઈ પંચોલીએ સેવા આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી દર્શન સુથાર, શ્રી સુરજ ત્રિપાઠી, શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ધ્વનીલ ગ્રીન, શ્રી કેતન ચૌધરી, શ્રી દુષ્યંત જાદવ, શ્રી બિહાગ રાજ, શ્રી આનંદ સર, શ્રી દર્શન રોહિત, પીટી શિક્ષક શ્રી રાકેશભાઈ, શ્રી હરીશ રાણા સહિત અને મિત્રોનું યોગદાન રહેલ. કાર્યક્રમનું સુચારું સંચાલન શ્રી યોગેશ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવેલ.

## લાયન્સ નોરતાની મુલાકાતે લીઓ-મલ્ટીપલ ડીસ્ટ્રીકટ પ્રેસિડન્ટ પ્રિયંકા જૈન રાવલ

લાયન્સ, લાયોનેસ અને લીઓ કલબ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે લીયો મલ્ટીપલ પ્રેસિડન્ટ પ્રિયંકા જૈન રાવલે ગાંધીનગરની મુલાકાત લીધી હતી અને ગરબા નિહાળ્યા હતા. આ પ્રસંગે લીયો સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. લીયો મલ્ટીપલ પ્રેસિડેન્ટે લીયો સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો.

# ધર્મ, અર્થ, કામ અને મોક્ષ અર્થે આજે મા કાત્યાયનીનું પૂજન

## શ્રીકૃષ્ણને પતિરૂપમાં પામવા વ્રજની ગોપીઓએ કાલિન્દી-યમુના તટે મા કાત્યાયનીની આરાધના કરી હતી : આજે સૂર્ય પૂજનનો વિશેષ મહિમા

ગાંધીનગર, તા.૨૫

મા ભગવતીના નવરાત્રી પર્વ દરમિયાન નવ સ્વરૂપોના પૂજનથી સાધકને વિવિધ સંસારીક અને ધાર્મિક ફળ પ્રાપ્તિનો લાભ મળે છે. જેમાં આજે પર્વના છઠ્ઠા દિવસે જગદંબાના છઠ્ઠા સ્વરૂપ મા કાત્યાયનીનું પૂજન અર્ચન કરવામાં આવશે. વધુમાં આજે સૂર્ય દેવતાના પૂજનનો મહિમા પણ છે. નવરાત્રી તેના સમાપન તરફ આગળ વધી રહી છે ત્યારે સર્વત્ર આ પર્વની ધન્યતા અનુભવવામાં માઈભકતો મગ્ન બન્યા છે.

જપ, તપ, વ્રત અને અનુષ્ઠાનના મહાન પર્વ નવરાત્રીના આજે છઠ્ઠા દિવસે જગદંબાનું છઠ્ઠું સ્વરૂપ કાત્યાયની પૂજાશે. કાત્યાયની માતાજીએ મહર્ષિ કાત્યાનના ત્યાં પુત્રી રૂપે અશ્વિન કૃષ્ણની ચર્તુદશીએ જન્મ લઈ શુકલ સપ્તમી, અષ્ટમી અને નવમી સુધી ત્રણ દિવસ કાત્યાયન ઋષિની પૂજા કરી દશમીએ મહિષાસુરનો વધ કર્યો હતો. માતાજીના આ સ્વરૂપની



પૂજા સમયે સાધકનું મન 'આજ્ઞાચક્ર'માં સ્થિર રહે છે. મા કાત્યાયની સિંહ ઉપર સવાર હોય છે. ચારભૂજા ધારી અને સુસજ્જીત આભા મંડલની દેવી તરીકે પૂજાય છે. માતાજીના ડાબા હાથમાં કમળ અને તલવર જયારે જમણા હાથમાં સ્વસ્તિક આર્શીવાદ મુદ્રામાં દર્શન થાય છે. મા ભગવતીના આ સ્વરૂપના પૂજનથી મનુષ્યને સરળતાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારે ફળોની પ્રાપ્તિ થાય છે અને આ લોકમાં હોવા છતાં અલૌકિક તેજ અને પ્રભાવયુકત બને છે.

મા કાત્યાયની શત્રુ હર્તા છે જેથી માના પૂજનથી શત્રુ હર હંમેશ પરાજીત જ રહે છે અને જીવનમાં સુખ શાંતિ બની રહે છે. ભગવાન શ્રીકૃષ્ણને પતિરૂપમાં પામવા વ્રજની ગોપીઓએ પણ કાલિન્દી-યમુના તટ પર માની આરાધના કરી હતી. જેથી માના કાત્યાયની વ્રજ મંડળની અધિષ્ઠાત્રી દેવીના રૂપે પણ પૂજાય છે. જેમાં કુંવારી કન્યાઓના વિવાહ પણ આ દેવીશકિતના પૂજનથી ત્વરિત થાય છે. માતાજીનું રૂપ અત્યંત ચમકીલુ અને ભવ્ય છે અને આ શકિતનો જન્મ ઉદ્દેશ આસુરી શકિતઓના નાશ માટે જ હતો. જેમાં શંભુ અને નિશંભુ નામના રાક્ષસોનો સંહાર કરી મા ભગવતીએ સંસારની રક્ષા કરી હતી. આદ્યશકિત દેવીના ધ્યાન મંત્ર, સ્તોત્ર મંત્ર અને કવચ મંત્ર નવરાત્રી પર્વમાં કરવાનો તેથી જ વિશેષ મહિમા વર્ણવાયો છે.

### ચિરવિદાય

● સ્વ. ઠાકોર જીવણજી મંગાજી, ઉ.વ. ૭૦
● સ્વ. હરીશચંદ્ર સિધ્ધીનાથ શર્મા, ઉ.વ. ૭૦
● સ્વ. સવિતાબેન ફૂલચંદ ભટ્ટ, ઉ.વ. ૯૨